ASHUTOSH®

AN ISO 9001 : 2008 CERTIFIED COMPANY

# ધન વ્યવસ્થા

DHAN VYAVASTHA

VOL. No. 7 ISSUE NO. 1-2015-16 DT. 07.05.2015 RS. 10/-

## ગોદરેજ ગાર્ડન સીટી અંગે આમંત્રણ

આપણા શહેર રાજકોટમાં ગોદરેજ ગાર્ડન સીટી – અમદાવાદ ટાઉનશીપ અંગેના રોડ શો નું આયોજન કરવામાં આવેલ છે. આ અંગેની વધુ વિગતો અમારા રીઅલ્ટી ડીવીઝનના સંપર્ક નં. ૯૭૨૫૨ ૧૯૦૯૦ ઉપરથી મેળવી લેવા વિનંતી છે. આ કાર્યક્રમનો ખાસ લાભ લેશો.

OUR DIVISIONS & SERVICES

ASHUTOSH FINANCIAL SERVICES PVT. LTD.

A COMPLETE FINANCIAL SOLUTIONS ENTERPRISE

Sterling Apts., Near Jubilee Baug Chowk, Jawahar Road, Rajkot 360 001. GUJARAT, INDIA.

Telephone: +91 281 222 4499, 223 6969. E-mail : info@ashutoshfinserv.com

www.ashutoshfinserv.com www.facebook.com/ashutoshfinserv

**Ashutosh Investment Advisory**

- Mutual Funds
- Insurance + Pension Plans
- Bonds, Fixed Deposits
- Equities • Commodities • Currencies
- Portfolio Management Services
- Initial Public Offer (New Issue of Shares)
- Investment in Precious Metals

Email : relationship@ashutoshfinserv.com Mobile : +91 937 733 5959

**Kothari & Co.**

Tax & Allied Laws Consultants

- Income Tax • Companies Act • FEMA
- Trust Laws • Estate Planning

Email : lawserve@ashutoshfinserv.com Mobile : +91 937 696 2244

**Ashutosh Realty Services**

- Channel Partner : Godrej Garden City & Adani Shantigram - Ahmedabad
- Real Estate Portfolio Management Services (RE-PMS)
- Investment in REITs (Real Estate Investment Trusts)

Email : realty@ashutoshfinserv.com Mobile : +91 972 521 9090

**Ashutosh Capital Advisors**

- Project Finance
- Business and Personal Loans
- Financial Restructuring
- Business Advisory Services
- Private Equity Funding
- Mergers and Acquistions

Email : capital@ashutoshfinserv.com Mobile : +91 960 100 6464

# બજેટ સ્પેશ્યલ અંક (Finance Act - 2015)

કેન્દ્રીય અંદાજપત્ર થકી રજુ થયેલ ફાયનાન્સ બીલ ૨૦૧૫ ના સંસદમાં મુકાયેલ હતું. આ ફાયનાન્સ બીલ - ૨૦૧૫ ને સંસદની મંજૂરી મળતા તે ફાયનાન્સ એકટ - ૨૦૧૫ બનેલ છે.

દરેક વર્ષની જેમ આ વર્ષે આ ફાયનાન્સ એકટ-૨૦૧૫ ની અગત્યની જોગવાઈએ એટલે કે ઈન્કમટેક્સ કાયદાના સુધારા આ સાથે રજુ કરેલ છે.

## ૧. નાણાંકીય વર્ષ - ૨૦૧૫-૧૬ માટે આવકવેરાના દર

૧. વ્યક્તિ, હિન્દુ અવિભક્ત કુટુંબ (HUF), મહિલા, એસોસીએશન ઓફ પર્સન્સ (AOP), બોડી ઓફ ઈન્ડિવિઝ્યુઅલ (BOI) માટેની આવકવેરાની મુક્તિ મર્યાદા રૂા. ૨,૫૦,૦૦૦ યથાવત રાખેલ છે.

૨. સીનીયર સીટીઝન માટેની આવકવેરાની મુક્તિ મર્યાદા રૂા. ૩,૦૦,૦૦૦ યથાવત રાખેલ છે.

૩. સુપર સીનીયર સીટીઝન માટેની આવકવેરાની મુક્તિ મર્યાદા રૂા. ૩,૦૦,૦૦૦ યથાવત રાખવામાં આવેલ છે.

૪. વ્યક્તિ, હિન્દુ અવિભક્ત કુટુંબ (HUF), મહિલા, એસોસીએશન ઓફ પર્સન્સ (AOP), બોડી ઓફ ઈન્ડિવિઝ્યુઅલ (BOI) માટેના આવકવેરાના દર માળખામાં કોઈ સુધારા કરાયા ન હોય, નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માટે યથાવત રાખેલ છે.

૫. રૂા. ૧ કરોડથી વધુ આવક ધરાવતા કંપની સિવાયના તમામ કરદાતાઓ તેમજ રૂા. ૧૦ કરોડથી વધુ આવક ધરાવતી કંપનીઓ માટે આવકવેરા ઉપર સરચાર્જ ૧૦% થી વધારીને ૧૨% કરવામાં આવેલ છે તેથી આવકવેરાનો અસરકારક દર ૩૪.૬૦૮% થશે.

૬. રૂા. ૧ કરોડથી રૂા. ૧૦ કરોડ સુધીની આવક ધરાવતી કંપનીઓ માટે આવકવેરા ઉપર સરચાર્જ ૫% થી વધારીને ૭% કરાયો છે તેથી આવકવેરાનો અસરકારક દર ૩૩.૦૬૩% થશે.

## ૨. રૂા. ૫ લાખ સુધીની આવક ધરાવતા વ્યક્તિના કેસમાં રૂા. ૨૦૦૦ નું આવકવેરામાં રીબેટ

આવકવેરા કાયદાની કલમ 87A અનુસાર જે વ્યક્તિની કરપાત્ર આવક રૂા. ૫ લાખ સુધીની હોય તેવા કેસમાં તેણે ભરવાપાત્ર આવકવેરાની ૧૦૦ % નો ટેક્સ અથવા રૂા. ૨૦૦૦ બે માંથી જે ઓછી રકમ હોય તે આવકવેરામાં રીબેટ તરીકે બાદ મળશે.

## ૩. કલમ 80D હેઠળ મેડીકલ ઈન્સ્યોરન્સ પ્રિમિયમની ચૂકવણીની કપાતમાં રૂા. ૧૦,૦૦૦ નો કરવામાં આવેલ વધારો

આગામી નાણાંકિય વર્ષ ૨૦૧૫-૧૬થી અમલી બને તે રીતે કરવામાં આવેલ સુધારા અનુસાર વ્યક્તિને મેડીકલ ઈન્સ્યોરન્સ પ્રિમિયમની ચૂકવણીમાં હવેથી રૂા. ૧૫,૦૦૦ ના સ્થાને રૂા.૨૫,૦૦૦ અને સિનિયર સિટિઝનને રૂા. ૨૦,૦૦૦ ના સ્થાને રૂા. ૩૦,૦૦૦ કપાત તરીકે બાદ મળશે.

## ૪. સુપર સિનિયર સિટિઝન માટે તબીબી સારવાર અંગે જાહેર કરવામાં આવેલ વિશિષ્ટ કપાત

૮૦ વર્ષ કે તેથી ઉપરના સીનીયર સીટીઝનનોને ઘણું ખરૂ મેડીકલ ઇન્શ્યોરન્સના લાભ મળી શકતા હોતા નથી. તેને ધ્યાનમાં રાખીને નવી કરવામાં આવેલ જોગવાઇઓ અનુસાર સુપર સિનિયર સીટીઝનની તબીબી સારવાર માટે કરવામાં આવેલ ખર્ચ સંબંધી રૂા. ૩૦,૦૦૦ ની મર્યાદામાં કપાતનો લાભ મળશે.

અલબત્ત, આ સંદર્ભમાંએ સ્પષ્ટતા કરવામાં આવેલ છે કે આ વ્યક્તિના કેસમાં તેમજ માતા-પિતાના કેસમાં કલમ 80D ની મહત્તમ મર્યાદા રૂા. ૩૦,૦૦૦ વધવી જોઇએ નહીં.

## ૫. જીવનવીમા પોલીસીની ચૂકવણીમાંથી ટીડીએસ કપાતમાં મુક્તિ મેળવવા માટે ફોર્મ નં. 15G/15H ની આપવા અંગેની કરવામાં આવેલ આવકારદાયક જોગવાઇ

૨૦૧૪ના નાણાંકીય ધારા અન્વયે દાખલ કરાયેલા કલમ 194DA અનુસાર જીવનવીમાની પોલીસી પર કરાતી કરપાત્ર ચુકવણીમાં ૨% ના દરે ટીડીએસ કરવાની જોગવાઇ કરવામાં આવેલ હતી. તેમાં કરાયેલ સુધારા અનુસાર જો કરદાતાની કુલ આવક કરપાત્ર થતી ન હોય તો ૧ જૂન ૨૦૧૫ થી અમલી બને તે રીતે આવા કરદાતાઓ ફોર્મ નં. 15G/15H આપી ને ટીડીએસની કપાતમાંથી મુક્તિ મેળવી શકશે.

## ૬. વેલ્થટેક્સની નાબૂદીની જાહેરાત

વેલ્થટેક્સ ભરતા કરદાતાઓની સંખ્યા ખુબ જ ઓછી હોવાને લીધે નાણામંત્રીએ આગામી ૧ એપ્રિલ - ૨૦૧૬ થી અમલી બને તે રીતે વેલ્થટેક્સની નાબૂદીની જોહરાત કરવામાં આવી છે.

વેલ્થટેક્સની નાબૂદીની સાથે તેમાંથી મળનારી આવકને સરભર કરવાના હેતુસર ઊંચી સંપતિ ધરાવતા શખ્સો પાસેથી વધારે ટેક્સ વસુલ કરવા માટે નાણાંકિય વર્ષ ૨૦૧૫-૧૬ થી અમલી બને તે રીતે રૂા. ૧ કરોડથી વધારે આવક ધરાવતા કરદાતાઓ પર સરચાર્જની જવાબદારી ૧૦ % થી વધારીને ૧૨% કરવામાં આવી છે.

## ૭. કો-ઓપરેટીવ બેન્કની ડિપોઝીટના વ્યાજમાંથી પણ હવે ટીડીએસની કપાત કરવામાં આવશે.

કલમ 194A ની પ્રવર્તમાન જોગવાઇઓ અનુસાર બેન્કો દ્વારા ડિપોઝીટો પર રૂા. ૧૦,૦૦૦ થી વધુ વ્યાજ ચૂકવવામાં આવે તો ૧૦% ના દરે ટીડીએસ કરવાની જોગવાઇ છે. આ સંદર્ભમાં કો-ઓપરેટીવ સોસાયટી દ્વારા તેના સભ્યોને કરવામાં આવતા વ્યાજની ચૂકવણીમાં ટીડીએસ ન કાપવા અંગેની રાહતકારક જોગવાઇઓનાં લાભ લઇ કો-ઓપરેટીવ બેંકો પોતાના સભ્યોના ડિપોઝીટ પર થતી વ્યાજની ચૂકવણીમાં ટીડીએસ કરતા ન હતા.

ઉપરોક્ત જોગવાઇઓમાં કરવામાં આવેલ સુધારા અનુસાર હવેથી કો-ઓપરેટીવ બેંકો એ પણ રૂા. ૧૦,૦૦૦ થી વધુ વ્યાજની ચૂકવણી પર ટીડીએસની ૧૦% લેખે કપાત કરવાની રહેશે. આ જોગવાઇનો અમલ ૧ લી જૂન ૨૦૧૫ થી અમલી બનશે.

## ૮. ટીડીએસની કપાતમાં રીંકરીંગ ડિપોઝીટનો કરવામાં આવેલ સમાવેશ

કલમ 194Aની પ્રવર્તમાન જોગવાઇઓ અનુસાર બેંકો દ્વારા ફિકસ્ડ ડિપોઝીટ પર ૧૦% લેખે ટીડીએસની

કપાત કરવામાં આવે છે. ૧ લી જુન ૨૦૧૫ થી અમલી બંને તે રીતે ફીકસ્ડ ડીપોઝીટ ઉપરાંત રીંકરીંગ ડિપોઝીટ પર ચૂકવવામાં આવતા વ્યાજમાં પણ ૧૦% લેખે ટીડીએસની કપાત કરવામાં આવશે તેવી જોગવાઇ કરવામાં આવી છે.

## ૯. ટ્રાન્સપોર્ટરોને કરવામાં આવતી ચૂકવણીમાં કલમ 194C હેઠળ ટીડીએસ કરવા અંગેની સ્પષ્ટતા

ટ્રાન્સપોર્ટરોને કરવામાં આવતી ચૂકવણી સંબંધી પ્રવર્તમાન જોગવાઇઓ અનુસાર જો ટ્રાન્સપોર્ટર દ્વારા પરમેનન્ટ એકાઉન્ટ નંબર (પાન) આપવામાં આવે તો ટીડીએસની કપાત કરવામાં આવતી ન હતી.

૧લી જૂન ૨૦૧૫ થી અમલી બને તે રીતે કલમ 194C હેઠળ કરાયેલ સુધારા અનુસાર નાણાંકીય વર્ષ દરમિયાન ૧૦ થી વધારે ટ્રક ન ધરાવતા હોય તેવા ટ્રાન્સપોર્ટ ઓપરેટરો (જેમનો કલમ 44AE ની જોગવાઇઓ હેઠળ સમાવેશ થતો હોય) ને જ પરમેનન્ટ એકાઉન્ટ નંબર (પાન) રજૂ કરીને ટીડીએસની કપાતમાંથી મુક્તિનો લાભ મેળવી શકશે.

૧ લી જૂન ૨૦૧૫ થી અમલી બને તે રીતે જે ટ્રાન્સપોર્ટ ઓપરેટરોનો કલમ 44AE હેઠળ સમાવેશ થતો ન હોય તેવા તમામ ટ્રાન્સપોર્ટ ઓપરેટરના કેસમાં તેમને લાગુ પડતા યોગ્ય દર ૧% અથવા ૨% લેખે ટીડીએસની કપાત કરવાની રહેશે.

## ૧૦. ૧લી ઓકટોબર બાદ પ્લાન્ટ મશીનરીમાં કરવામાં આવતા રોકાણ પર Additional Depriciation ની ૫૦% બાકી રકમ પછીના વર્ષમાં બાદ મળી શકશે.

પ્રવર્તમાન જોગવાઇઓ અનુસાર કરદાતા દ્વારા પ્લાન્ટ અને મશીનરીમાં રોકાણ કરવામાં આવે તો ૨૦% નું Additional Depriciation મળે છે.

આના સંદર્ભમાં જો પ્લાન્ટ અને મશીનરીની ખરીદી જે તે નાણાકીય વર્ષમાં ૧ લી ઓકટોબર પછી કરવામાં આવે તો Additional Depriciationનો લાભ પણ નિયત દરના ૫૦% (એટલે કે ૨૦% ના સ્થાને ૧૦%) ના ધોરણે મળી શકે છે.

ઉપરોક્ત ગેરલાભના નિવારણ માટે નાણાંકિય વર્ષ ૨૦૧૫-૧૬ થી અમલી બને તે રીતે એવી રાહતકારક જોગવાઇ કરવામાં આવી છે કે જો કરદાતાએ ૧ લી ઓકટોબર પછી પ્લાન્ટ અને મશીનરીમાં રોકાણ કરેલ હોય તો Additional Depriciation ના માન્ય દરના ૫૦% નો જ લાભ મળ્યો હોય તો બાકી રહેલા ૫૦% Additional Depriciationની કપાતનો લાભ પછીના નાણાંકીય વર્ષમાં મળી શકશે.

## ૧૧. સ્થાવર મિલકતના વેચાણ સમયે રૂા. ૨૦,૦૦૦ થી વધુ રકમ રોકડ સ્વરૂપે સ્વીકારી શકાશે નહીં

સ્થાવર મિલકતના લે-વેચમાં થતા કાળા નાણાનાં સર્જનને અંકુશમાં લેવાના હેતુસર ૧લી જુન ૨૦૧૫ થી અમલી બને તે રીતે નીચે મુજબના સુધારા કરવામાં આવેલ છે.

૧. કોઇપણ સ્થાવર મીલકતના હસ્તાંતરમાં એકાઉન્ટ પેઇ ચેક કે ડ્રાફટ કે બેન્કના ઇસીએસ વ્યવહાર સિવાય રૂા. ૨૦,૦૦૦ કે તેથી વધુ રકમ એડવાન્સ કે અન્ય કોઇપણ સ્વરૂપે સ્વીકારી શકશે નહીં.

૨. એક જ પ્રમાણે કોઇપણ સ્થાવર મિલકતના હસ્તાંતરમાં એકાઉન્ટ પેઇ ચેક કે ડ્રાફ્ટ કે બેન્ડમાં ઇસીએસના વ્યવહાર સિવાય, એડવાન્સ સ્વરૂપે સ્વીકારેલ રૂા. ૨૦,૦૦૦ થી વધુ કોઇ પણ રકમ પરત કરી શકશે નહીં.

ઉપરોક્ત જોગવાઇઓનો અમલ કરવામાં ન આવે તો કલમ 271D કે 271E હેઠળ જે તે રકમના ૧૦૦% જેટલો દંડ થઇ શકશે.

આ સંદર્ભમાં કરદાતા દ્વારા સ્થાવર મીલકતના ખરીદ – વેચાણના વ્યવહાર માત્ર બેન્કના એકાઉન્ટ પેઇ ચેક કે ડ્રાફ્ટ કે ઇસીએસ ના વ્યવહાર દ્વારા જ કરવામાં આવે તેની ખાસ તકેદારી રાખવી.

## ૧૨.કલમ 80JJA હેઠળ ઔદ્યોગીક કામદારોને રોજગાર સંબંધી કપાતમાં કરવામાં આવેલ વધારો

કલમ 80JJA ની પ્રવર્તમાન જોગવાઇઓ હેઠળ મેન્યુફેકચરીંગ કરતી કંપનીઓના કેસમાં ત્રણ વર્ષ સુધી નવા ઔદ્યોગીક કામદારોને અપાતા રોજગારના સંદર્ભમાં વધારાની મજૂરીની રકમના ૩૦ % જેટલી થતી રકમ કપાત તરીકે બાદ આપવામાં આવે છે. આ કલમના હેતુસર જો નવી ફેકટરી હોય તો ઓછામાં ઓછા ૧૦૦ કામદારો હોવા જરૂરી ગણાતા.

ઉપરોક્ત જોગવાઇઓમાં સુધારો કરી નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ થી અમલી બને તે રીતે નીચે મુજબની જોગવાઇઓ કરવામાં આવી છે.

૧. માત્ર કંપની પૂરતો લાભ સીમીત નહીં રાખતા તેમાં મેન્યુફેકચરીંગ કરતા તમામ કરદાતાઓ (ભાગીદારી પેઢી, પ્રોપરાઇટરશીપ, એલએલપી) ને પણ ઉપરોક્ત જોગવાઇઓ લાભ મળી શકશે.

૨. ઉપરાંત ઉત્પાદનમાં કાર્યરત નાના એકમોને પણ લાભ મળી શકે તે હેતુથી ૧૦૦ કામદારોના સ્થાને ૫૦ કામદારો હોવા જરૂરી ગણાશે.

# નેશનલ પેન્શન સ્કીમ (NPS) માં રોકાણ કરવામાં આવે તો રૂા. ૨ લાખ સુધીની કપાતનો લાભ મળી શકશે...

પ્રવર્તમાન જોગવાઇઓ અનુસાર નેશનલ પેન્શન સ્કીમમાં રોકાણ કરવા માટે કલમ 80CCD(1A) હેઠળ રોકાણ સંબંધી વધુમાં વધુ રૂા. ૧ લાખની મર્યાદામાં કપાતનો લાભ મળી શકતો હતો.

ઉપરોક્ત સંદર્ભમાં કરવામાં આવેલ સ્પષ્ટતા અનુસાર કલમ 80CCC હેઠળ પેન્શન ફંડ તેમજ કલમ 80CCD હેઠળ NPS સંબંધી કપાત કલમ 80C હેઠળના માન્ય રોકાણોની કપાતોની રકમ સાથે સંયુક્તપણે મહત્તમ રૂા. ૧.૫૦ લાખની મર્યાદામાં બાદ મળી શકે છે.

આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ થી અમલી બને તે રીતે કરવામાં આવેલ સુધારા નીચે મુજબ છે.

(૧) કલમ 80CCD(1A) હેઠળ વધુમાં વધુ રૂા. ૧ લાખની કપાત મર્યાદા વધારીને રૂા. ૧.૫ લાખ કરવામાં આવેલ છે.

ઉપરોક્ત સુધારાને ધ્યાનમાં રાખીને વ્યક્તિગત કરદાતાના કેસમાં કલમ 80CCE અને 80C હેઠળની રૂા. ૧.૫૦ લાખની નિયત રોકાણોની સામાન્ય કપાત મર્યાદા ઉપરાંત હવેથી કલમ 80CCD(1B) હેઠળ NPS માં કરવામાં આવતા રોકાણના વધારાના રૂા. ૫૦,૦૦૦ નો લાભ મળી શકશે.

આમ, આ તમામ રોકાણોનું આયોજન કરવામાં આવા તો રૂા. ૨ લાખ સુધીની કપાતનો લાભ મળી શકશે.

# આશુતોષ ફાયનાન્સીયલ સર્વિસીઝ પ્રા. લી. દ્વારા આયોજીત ‘‘ઈન્વેસ્ટર અવેરનેસ એન્ડ એજ્યુકેશન પ્રોગ્રામ’’ના ફોટોગ્રાફસ




રાજકોટની જનતાના લાભાર્થે યોજાયેલ ટેક્સ ગુરૂ શ્રી સુભાષ લાખોટીયાને પરીસંવાદ માટે આવકારતા શ્રી રાજેશ કોઠારી



પરીસંવાદમાં રાજકોટની જનતાને સંબોધતા શ્રી સુભાષ લાખોટીયા અને તેમની સાથે આશુતોષ ફાયનાન્સીયલ સર્વીસીઝના સીઈઓ એન્ડ એમ.ડી. શ્રી દક્ષેશ કોઠારી




આઈએમએ રાજકોટ બ્રાન્ચ માટે યોજવામાં આવેલ પરીસંવાદ



ઈન્ડીયન ડેન્ટલ એસોસીએશન - રાજકોટ બ્રાન્ચ માટે યોજવામાં આવેલ પરીસંવાદ




ઈન્ડીયન ગાયનેકોલોજીસ્ટ એસોસીએશન - રાજકોટ બ્રાન્ચ માટે યોજાયેલ પરીસંવાદ




ઈન્ડીયન મેડીકલ એસોસીએશન - મોરબી બ્રાન્ચ માટે યોજેલ પરીસંવાદ

DISCLAIMER : This publication has been prepared by ASHUTOSH FINANCIAL SERVICES PVT. LTD. While reasonable care has been taken in its preparation, this publication does not purport to be a complete description of the securities, markets or developments referred to herein and ASHUTOSH FINANCIAL SERVICES PVT. LTD. does not warrant its accuracy or completeness. This publication is not an offer or solicitation of an offer to buy or sell any security or investments mentioned herein. Please read the offer documents carefully before investing.

To

Registered with Registrar of Newspapers for India Regi. No. GUJGUJ/2009/36607

Postal Regn. No. RAJKOT/600/2014-2016, office of posting RMS, Rajkot on 10th of every month Valid up to 31-12-2016

Printed by : Shri Rajen Umarshibhai Shah, Published by : Shri Daxesh Dinesh Kothari, Owned by : Shri Daxesh Dinesh Kothari and Printed at : Shrenik Printers, 134-Udhyog Nagar Colony, Opp. Krishna Steel, Lohanagar Main Road, Off. Gondal Road, Rajkot-360002. Gujarat- India and Published at : ASHUTOSH FINANCIAL SERVICES PVT. LTD., Sterling Apts., Near Jubilee Baug Chowk, Jawahar Road, Rajkot 360001. Gujarat-India. Editor : Shri Daxesh Dinesh Kothari.